પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૪ | ૫ એપ્રિલ, ૨૦૨૨, મંગળવાર; ચૈત્ર સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# શ્રીલંકામાં આર્થિક-રાજકીય કટોકટી

## અડધી રાત્રે વડાપ્રધાન સિવાય આખા મંત્રીમંડળે રાજીનામાં આપ્યા : વડાપ્રધાનના દીકરા નમલ રાજપક્ષેએ પણ પોતાના તમામ પદો પરથી રાજીનામા આપવાની જાહેરાત કરી છે



કોલંબો,તા.૪

ભારતના પાડોશી દેશ શ્રીલંકામાં આર્થિક સંકટની વચ્ચે હવે રાજકારણ પણ ગરમાયું છે. શ્રીલંકાના વડાપ્રધાન મહિંદા રાજપક્ષે સિવાય સરકારના તમામ મંત્રીઓએ રાજીનામા આપી દીધા છે. તેમાં પીએમ મહિંદા રાજપક્ષેના દીકરા અને રમત ગમત મંત્રી નમલ રાજપક્ષે પણ સામેલ છે. પીએમ ઓફિસ તરફથી આ સમાચારની પૃષ્ટિ કરવામાં આવી છે. પરંતુ અત્યારે મહિંદા રાજપક્ષેએ રાજીનામું નથી આપ્યું. મોડી રાત્રે થયેલી મીટિંગ પછી શ્રીલંકાના શિક્ષણ મંત્રી દિનેશ ગુણવર્ધને આ વાતની પૃષ્ટિ કરતાં જણાવ્યું કે, રાષ્ટ્રપ્રમુખ ગોટબાયા રાજપક્ષે તેમજ વડાપ્રધાન મહિંદા રાજપક્ષો સિવાય તમામ ૨૬ મંત્રીઓએ રાજીનામાં આપી દીધા છે. નમલ રાજપક્ષોએ રાજીનામાની જાહેરાત કરતાં જણાવ્યું કે, મેં પોતાના તમામ પોર્ટફોલિયો માટે તાત્કાલિક ધોરણે રાજીનામું સોંપી દીધું છે. મેં આ વાતની જાણકારી પણ આપી છે. હું દેશની જનતા, મતદારો અને પાર્ટી પ્રત્યે પ્રતિબદ્ધ રહીશ. શ્રીલંકાની પીએમ ઓફિસ તરફથી રવિવારે સાંજે ચોખવટ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# વધતો ફૂગાવો લોકો માટે માથાનો દુ:ખાવો બન્યો

## એનર્જી કોસ્ટમાં થયેલી વૃદ્ધિથી વૈશ્વિક પુરવઠામાં જે ઘટાડો આવ્યો હોઈ કિંમતો વધારી રહ્યા હોવાનો ઉદ્યોગોનો દાવો

નવી દિલ્હી, તા.૪

એશિયાના ત્રીજા સૌથી ઝડપી ફુગાવા અને અસમાન સુધારાનો સામનો કરી રહેલા અર્થતંત્રમાં ઉપભોક્તાઓની સંખ્યામાં થઈ રહેલા વધારા વચ્ચે ભારતીય ઉત્પાદકોની વધી રહેલા ઈનપુટ ખર્ચને ગ્રહણ કરવાની ક્ષમતા ઘટી રહી છે.

યુનિલિવર પીએલસીની ભારતીય એકમની કંપનીઓ અને સુઝુકી મોટર કોર્પો. (સુઝુકી મોટર કોર્પોરેશન) ટુ જેએસડબલ્યુ સ્ટીલ લિ. રશિયાના યુક્રેન પરના આક્રમણ બાદ એનર્જી કોસ્ટમાં થયેલી વૃદ્ધિથી વૈશ્વિક પુરવઠામાં જે ઘટાડો આવ્યો છે તેના જવાબમાં કિંમતો વધારી રહ્યા છે. માર્ચ ૨૦૨૧ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષમાં મહામારી પ્રેરિત ૬.૬%ના સંકોચન બાદ અર્થતંત્ર તેના પ્રથમ પૂર્ણ વર્ષના વિકાસમાં પાછું ફર્યું એ જ રીતે છૂટક ઈંધણના ઊંચા ભાવ પણ માગને નુકસાન પહોંચાડવાનો ભય સર્જી રહ્યા છે.

દેશની સૌથી મોટી કન્ઝ્યુમર ગુડ્સ કંપનીઓ પૈકીની એક ડાબર ઈન્ડિયા લિમિટેડના મુખ્ય નાણાકીય અધિકારી અંકુશ જૈને જણાવ્યું કે, 'ફુગાવો બેરોકટોક જળવાઈ રહ્યો હોવાથી સતત બીજા વર્ષે ચિંતાનું કારણ બન્યું છે.'

પોલિસી મેકર્સ આ સપ્તાહે યોજાનારી બેઠકમાં વ્યાજ દર અંગે નિર્ણય લેશે અને તેમણે સંકેત આપ્યો છે કે, નાણાંકીય વર્ષ ૨૦૨૩ માટે તેઓ પોતાના ૪.૫% ફુગાવાના પૂર્વાનુમાનમાં સંશોધન કરી શકે છે.

દેશના આર્થિક સુધારા માટે ગ્રાહકો ચાવીરૂપ છે, જેમાં ખાનગી વપરાશ ભારતના કુલ ઘરેલુ ઉત્પાદનનો લગભગ ૬૦% હિસ્સો ધરાવે છે. માગને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્રીય બેંક સંભવતઃ લાંબા સમય સુધી ઉધાર ખર્ચ ઓછો રાખશે.

તેના લીધે આરબીઆઈપોતાના ૨%-૬% લક્ષ્યાંક બેન્ડના ૪% મધ્યબિંદુ પર ફુગાવાને જાળવી રાખવાનું પ્રાથમિક કાર્ય કરવા માટે સંઘર્ષ કરી રહી છે, જો કે તે રાજકોષીય પગલાંના સ્વરૂપમાં સરકાર પાસેથી સમર્થન શોધી રહી છે.

# શ્રીલંકાની સેન્ટ્રલ બેન્કના વડાનું રાજીનામું

## શ્રીલંકામાં આર્થિક કટોકટીને પગલે ભારે અરાજકતા : દેશના આર્થિક સંચાલનની નાણામંત્રી બાદ બીજા ક્રમની જવાબદારી સેન્ટ્રલ બેંકના વડાના શિરે હોય છે

શ્રીલંકા, તા.૪

ઈતિહાસની સૌથી ભયાનક કટોકટીનો સામનો કરી રહેલ શ્રીલંકાની હાલત બદથી બત્તર થઈ રહી છે.

સમગ્ર કેબિનેટના રાતોરાત રાજીનામાં બાદ હવે દેશની સેન્ટ્રલ બેંકના વડાએ પણ તાત્કાલિક પોતાના પદ પરથી રાજીનામું આપ્યું છે.

ભારતના પાડોશી દેશ શ્રીલંકામાં સ્થિતિ બેકાબૂ બનતા હવે મધ્યસ્થ બેંકની સ્થિતિ પણ કફોડી બની છે. દેશના આર્થિક સંચાલનની નાણામંત્રી બાદ બીજા ક્રમની જવાબદારી જેમના શિરે હોય છે તેવા સેન્ટ્રલ બેંકના વડા અજિથ કેબ્રાલે રાજીનામું ધરી દીધું છે.

શ્રીલંકના સેન્ટ્રલ બેંકના ગવર્નર અજિત કેબ્રાલે કહ્યું કે શ્રીલંકાના મંત્રીમંડળના દરેક સભ્ય, રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે અને વડા પ્રધાન મહિન્દા રાજપક્ષે સિવાય, કટોકટીનું સંચાલન કરવા માટે નવા વહીવટ માટે માર્ગ બનાવવા માટે રવિવારે મોડી રાત્રે સામૂહિક રીતે રાજીનામું આપ્યા પછી તેમણે પદ છોડ્યું.

# આકાશમાં દેખાયેલ અગનગોળો ચાઈનીઝ રોકેટનો કાટમાળ હતો

## કાટમાળ લગભગ મહારાષ્ટ્રમાં જઈને પડ્યો : કુલ ચાલ જેટલા સ્પેસ ઓબ્જેક્ટ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કર્યો જે પૈકી ચાનીઈઝ રોકેટ ભારતના અવકાશમાં દેખાયું

બેંગલુરુ,તા.૪

શનિવારે રાત્રે ગુજરાતના અનેક વિસ્તારમાં દેખાયેલ અગનગોળો કોઈ ઉલ્કાપીંડ નહીં પણ અવકાશી કાટમાળ હતો અને તે લગભગ ચાઈનીઝ રોકેટના બોડીનો કાટમાળ હતો જે મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લાના તળ સિંદેવાહી ખાતે જઈને પડ્યો હતો. ઈસરોના અધિકારીઓએ યુનાઈટેડ સ્ટેટ સ્પેસ કમાન્ડ દ્વારા આપવામાં આવેલા એલર્ટને ટાંકીને કહ્યું કે ચાર જેટલા અવકાશી કાટમાળ શનિવારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશવાના હતા જે અંગે ચેતવણી આપવામાં આવી હતી. જે મુજબ ઝઢ-૩મ ઈ/મ લોંગ માર્ચ લોન્ચ વહેકીલથી ચાઈનીઝ રોકેટની બોડી, સ્ટારલિંક ૧૮૩૧ અને બે નાના અન્ય ઓબજેક્ટસ જે કોસમોસ અને ઈરિડિયમ સેટેલાઈટના એકબીજા સાથે ભટકાવવાથી બન્યા છે તે પૃથ્વીના વાતાવરણમાં એન્ટર કરશે. સ્ટારલિંક ૧૮૩૧ માટે એવું અનુમાન કરવામાં આવ્યું હતું કે તે શનિવારે બપોરે ૧.૪૧ વાગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરશે. જેનું ઈમ્પેક્ટ લોકેશન સાઉથ એટલાંટિક મહાસાગર હોવાનું જણાવાયું હતું. તો કોસમોસ ૧૪૦૮ અને ઈરિડયમ ૩૩ બંને ખૂબ જ નાના ઓબ્જેક્ટ્સ હતા અને તેના અંતિમ ગ્રાઉન્ટો ટ્રેક રેકોર્ડ ભારતના અવકાશમાં નથી મળી રહ્યો. હવે બાકી રહ્યું તે ચાઈનીઝ રોકેટ હોઈ શકે છે.`જીર્જીટ્ટષ્ઠીર્ષ્દ્બના રિપોર્ટ મુજબ ઝઢ-૩મ ઈ/મનો પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરવાનો સમય બપોરે ૪.૩૭ વાગ્યાની આસપાસનો હતો અને તેનું લોકેશન ભારત નહીં પણ મ્યાનમાર હોવાનું એલર્ટમાં કહેવામાં આવ્યું હતું.

# મફત યોજનાઓ દેશને શ્રીલંકા જેવી પરિસ્થિતિ તરફ દોરી જશે

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે કેન્દ્ર સરકારના તમામ વિભાગોના સચિવો સાથે ચાર કલાક લાંબી બેઠકમાં અધિકારીઓ દ્વારા ચેતવણી અપાઈ

નવી દિલ્હી, તા.૪

ભારતમાં અંદાજે છેલ્લા એક દશકથી સત્તા હાંસલ કરવા અને સામાન્ય જનતાને આકર્ષવા માટે મફત યોજનાઓની જાહેરાતો કરવામાં આવે છે અને તેને લાગુ કરવા માટે જાહેર સંપત્તિમાંથી કરોડો-અબજો રૂપિયાનો વેડફાટ કરવામાં આવે છે. દેશના ટોચના બ્યુરોક્રેટ્સે આ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ચેતવ્યા છે.

વડાપ્રધાન મોદી સાથે વરિષ્ઠ અમલદારોની મેરેથોન બેઠકમાં ઘણા રાજ્યો દ્વારા જાહેર કરાયેલી લોકલુભાવન યોજનાઓ પર ચિંતા વ્યક્ત કરાઈ હતી અને દાવો કર્યો હતો કે તેઓ નાણાંકીય રીતે અસ્થિર હોવા છતાં આ પ્રકારની યોજનાઓ લાગુ કરીને ભારણ વધારી રહ્યાં છે. શનિવારે પીએમ મોદીએ પોતાની ઓફિસમાં તમામ વિભાગોના સચિવો સાથે ચાર કલાક લાંબી બેઠક યોજી હતી. આ



બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, વડા પ્રધાનના મુખ્ય સચિવ પીકે મિશ્રા અને કેબિનેટ સચિવ રાજીવ ગૌબા સહિત કેન્દ્ર સરકારના અન્ય ટોચના બ્યુરોક્રેટ્સોએ પણ હાજરી આપી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર અધિકારીઓએ આ બેઠકમાં કહ્યું કે આ પ્રકારની લોકપ્રિય અને અવ્યવહારુ યોજનાઓ અર્થતંત્રને શ્રીલંકા જેવા જ માર્ગ પર લઈ જઈ શકે છે. પીએમ મોદીએ અધિકારીઓને સંસાધનોની અછતનું સંચાલન કરવાની માનસિકતામાંથી બહાર આવીને સરપ્લસના સંચાલનના નવા પડકારોનો સામનો કરવા માટે તૈયાર રહેવા માટે સ્પષ્ટપણે જણાવ્યું હતું. પીએમ મોદીએ મોટા ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સની આડમાં "ગરીબી"નું બહાનું બનાવવાની જૂની વાર્તા છોડી દેવા કહ્યું અને તેમને મોટો અભિગમ અપનાવવા જણાવ્યું છે.

પોતાના વિભાગની સાથે અન્ય વિભાગોના નીતિ-નિયમોની છટકબારીઓ પર સીધી જ પીએમઓનું ધ્યાન દોરવા અને તમામ સરકારી યોજનાઓ અને અન્ય મુદ્દાઓ પર પ્રતિસાદ આપવા સચિવોને સૂચવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૧૪ પછી સચિવો સાથે મોદીની આ નવમી બેઠક હતી.

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીરમાં આતંકી હુમલાની બે ઘટનાઓમાં એક જવાન શહીદ

શ્રીનગર, તા.૪

જમ્મુ-કાશ્મીરમાં થોડી કલાકોની અંદર બે આતંકી હુમલા થયા છે. પ્રથમ હુમલો શ્રીનગરના લાલ ચોકના મૈસૂમા વિસ્તારમાં થયો, જ્યાં આતંકીઓએ સીઆરપીએફના બે જવાનોને ગોળી મારી દીધી. તેને ગંભીર સ્થિતિમાં હોસ્પિટલ લાવવામાં આવ્યા, જેમાં એક જવાન શહીદ થયો છે. આ વિસ્તારમાં આતંકીઓની ઘેરાબંધી માટે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. આ આતંકી હુમલામાં સીઆરપીએફના બે જવાન પણ ઈજાગ્રસ્ત થયા છે.

**આતંકીઓ દ્વારા સીઆરપીએફના બે જવાનો પર ગોળીબાર**

આ સાથે એક અન્ય હુમલો પુલવામાના લજુરાહ ગામમાં થયો છે. જ્યાં આતંકીઓએ બિન-કાશ્મીરીઓ પર ગોળીબારી કરી છે. આ આતંકી હુમલા બાદ ત્યાં ડરનો માહોલ છે. બંને ઈજાગ્રસ્ત નાગરિકોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. પોલીસે તે વિસ્તારમાં ઘેરાબંધી કરી છે અને આતંકીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. આતંકી હુમલા પર ઉમર અબ્દુલ્લાએ કહ્યુ કે, હું ડ્યૂટી દરમિયાન શહીદ થયેલા સીઆરપીએફ જવાનના પરિવાર પ્રત્યે મારી સંવેદનાઓ પ્રગટ કરુ છું. ઈજાગ્રસ્ત જવાન માટે પ્રાર્થના છે કે તે જલદી સંપૂર્ણ સાજા થઈ જાય.

જોઈએ છે

દેવગ્રુપ ઓફિસ માટે

ઓફીશલી બેંકના તમામ કામકાજ કરી શકે તેવા ભાઈ જોઈએ છે

લાયકાત : ધોરણ ૧૨ પાસ | ઉંમર : મીનીમમ ૨૧ વર્ષ

સંપર્ક : +91 81608 82982

E Mail : neel.haridev@gmail.com

# દેશમાં ૭૧૫ દિવસ પછી ૧૦૦૦થી ઓછા કોરોનાના કેસ

નવી દિલ્હી, તા.૪

દેશમાં આજે કોરોનાના નોંધાયેલા રોજિંદા નવા કેસો (૯૧૩) પણ ૭૧૫ દિવસ પછી ૧,૦૦૦ થી નીચે ઘટી ગયા છે. ૧૮મી એપ્રિલ ૨૦૨૦ના રોજ રોજ નવા કોવિડ કેસની સંખ્યા ૯૯૧ હતી.

નોંધપાત્ર વિકાસમાં, સતત ડાઉનવર્ડ ટ્રેન્ડને પગલે, ભારતનો સક્રિય કેસલોડ (૧૨,૫૯૭) આજે ૭૧૪ દિવસ પછી ઘટીને ૧૩,૦૦૦ આંકથી ઓછો થઈ ગયો છે. સક્રિય કેસ હવે દેશના કુલ પોઝિટિવ કેસના ૦.૦૩% છે. ૧૮મી એપ્રિલ ૨૦૨૦ના રોજ સક્રિય કેસનો ભાર ૧૨,૯૭૪ એક્ટિવ કેસ હતો.

પરિણામે, ભારતનો રિકવરી રેટ ૯૮.૭૬% છે.

# શેરબજારમાં ફરી તેજીનો માહોલ

## સેન્સેક્સમાં ૧૩૩૫ પોઈન્ટનો ઊછાળો : એચડીએફસીના મર્જરના સમાચારથી જોરદાર તેજી : વિદેશી સંસ્થાકીય રોકાણકારો બજારમાં ચોખ્ખા ખરીદદાર હતા, તેણે શુક્રવારે રૂ. ૧,૯૦૯.૭૮ કરોડના શેર ખરીદ્યા

મુંબઈ, તા.૪

મુખ્ય સ્ટોક ઈન્ડેક્સ સેન્સેક્સ (બીએસઈ સેન્સેક્સ) સોમવારે ૧૩૩૫ પોઈન્ટથી વધુ વધીને બંધ થયો હતો. એશિયન બજારોના મિશ્ર વલણો વચ્ચે એચડીએફસી બેંક અને એચડીએફસી લિ. જેમ કે મોટા શેરોમાં ઉછાળાને કારણે સેન્સેક્સમાં વધારો. એચડીએફસી લિમિટેડને એચડીએફસી બેંક સાથે મર્જ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એચડીએફસી લિમિટેડ દેશની સૌથી મોટી હાઉસિંગ ફાઈનાન્સ કંપની છે. જ્યારે એચડીએફસી બેંક દેશની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેંક છે.

એચડીએફસી બેંકે સોમવારે સ્ટોક એક્સચેન્જોને જણાવ્યું હતું કે મર્જર પ્લાન વિવિધ નિયમનકારી મંજૂરીઓને આધીન છે, જેમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)નો સમાવેશ થાય છે. પ્રસ્તાવિત ડીલ હેઠળ, એચડીએફસી લિમિટેડના દરેક ૨૫ ઈક્વિટી શેર માટે, એચડીએફસી બેંકના ૪૨ ઈક્વિટી શેર્સ પ્રાપ્ત થશે.

ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૧૩૩૫.૦૫ પોઈન્ટના ઉછાળા સાથે ૬૦,૬૧૧.૭૪ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સ પર એચડીએફસી બેંકના શેર ૯.૮૧ ટકા અને એચડીએફસી લિમિટેડ ૯.૧૫ ટકા વધ્યા હતા.

સેન્સેક્સ પર લિસ્ટેડ ૩૦ કંપનીઓમાંથી માત્ર ટાઈટન અને ઈન્ફોસિસના શેરમાં ઘટાડો નોંધાયો હતો. સોમવારે સવારે સેન્સેક્સ ૫૯૭૬૪.૧૩ ના વધારા સાથે ખુલ્યો હતો. આખા દિવસના કારોબાર દરમિયાન સેન્સેક્સ ૬૦,૮૪૫.૧૦ની ઊંચી સપાટી અને ૫૯,૭૬૦.૨૨ની નીચી સપાટીને સ્પર્શી હતો.

તે જ સમયે, એનએસઈ નિફ્ટી ટ્રેડિંગના અંતે ૩૮૨.૯૫ પોઈન્ટના ઉછાળા સાથે ૧૮,૦૫૩.૪૦ પર બંધ રહ્યો હતો. એચડીએફસી બેંક, એચડીએફસી લિમિટેડ, અદાણી પોર્ટ્સ, એચડીએફસી લાઈફ અને કોટક બેંક નિફ્ટીમાં ટોચના ગેઈનર હતા. બીજી તરફ, જેએસડબલ્યુ સ્ટીલ એકમાત્ર એવો સ્ટોક હતો જે ટોપ લુઝર્સમાં સામેલ હતો. નિફ્ટી પરના તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાનમાં બંધ થયા છે.

### HDFCના શેરમાં ઊછાળો

એચડીએફસી અને એચડીએફસી બેંકના શેરમાં સોમવારે શરુઆતના કારોબારમાં જ આગઝરતી તેજી જોવા મળી હતી. જેનું કારણ બેંકે જણાવ્યું હતું કે તેના બોર્ડે એચડીએફસીસાથે એચડીએફસીઈન્વેસ્ટમેન્ટ્સ અને એચડીએફસીહોલ્ડિંગ્સ અને એચડીએફસીનું એચડીએફસીબેંકમાં મર્જરને મંજૂરી આપી છે. શેરબજાર ઓપન થતાં જ આ સમાચાર આવતાં એચડીએફસીનો શેર બીએસઈપર ૧૪ ટકા વધીને રૂ. ૨,૮૦૪ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો જ્યારે એચડીએફસી બેંકનો શેર ૧૦ ટકા વધીને રૂ. ૧,૬૬૦ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●

● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●

● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466

E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર

૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.